MCX

મેટલ અને એનર્જી

વિશ્વાસ સાથે વેપાર

**એમસીએક્સ ડેઈલી રિપોર્ટ...**

# એમસીએક્સ પર સોનામાં ૨૦,૧૦૨ કિલો અને ચાંદીમાં ૭૧૭.૨૨૦ ટનનો ધંધો: બંને ધાતુમાં પ્રત્યાઘાતી સુધારો

## બિનલોહ ધાતુઓમાં તાંબું અને સીસામાં અઢીગણા અને એલ્યુમિનિયમમાં દોઢા વેપાર સાથે ભાવોમાં તેજીનું વલણ: ક્રૂડ પણ વધ્યું: કોમડેક્સ ૨૭૨૭.૬૯

મુંબઈ, તા.૨૧

વીતેલા દિને એમસીએક્સ પર ૫,૭૩,૨૨૧ સોદામાં રૂ.૩૭,૨૦૩.૪૯ કરોડનું વોલ્યુમ નોંધાયું હતું, જે તેની પૂર્વેના દિને રૂ.૩૩,૦૪૧.૨૪ કરોડનું થયું હતું. વીતેલા દિને સોના-ચાંદીમાં કુલ રૂ.૧૬,૨૪૯.૫૯ કરોડનાં કામ થયાં હતાં. સોનામાં રૂ.૧૦,૭૪૫.૦૭ કરોડ અને ચાંદીમાં રૂ.૫,૫૦૪.૫૨ કરોડના વેપાર થયા હતા. ક્રૂડ તેલમાં રૂ.૫,૫૫૭.૧૮ કરોડનાં ૧,૫૨,૫૩,૫૦૦ બેરલ્સનો વેપાર થયો હતો.

આજે એમસીએક્સના પ્રથમ સત્રમાં ભારે જોરદાર કામકાજ નોંધાયાં હતાં અને ૨,૨૫,૮૨૩ સોદામાં રૂ.૧૪,૦૩૭.૪૪ કરોડનું ટર્નઓવર થયું હતું, જે ગઈકાલના રૂ.૧૦,૧૧૮.૦૪ કરોડના ટર્નઓવર કરતાં ઘણું મોટું છે. આજના કામકાજમાં સોના-ચાંદીનો હિસ્સો રૂ.૪,૯૧૩.૦૩ કરોડનો હતો. સોનામાં આજે ૩૧,૬૧૮ સોદામાં રૂ.૩,૬૮૯.૩૫ કરોડનાં ૨૦,૧૦૨ કિલોનાં થયેલાં કામકાજ ગઈકાલના રૂ.૩,૪૩૯.૪૯ કરોડનાં ૧૮,૮૬૬ કિલો કરતાં સારા એવા મોટા છે. આજે ચાલુ વાયદામાં ૧૩,૭૯૭ સોદામાં રૂ.૩,૨૫૭ કરોડનાં ૧૭,૭૪૫ કિલોનાં કામ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨૧,૪૯૬ કિલો હતો. મિની વાયદામાં ૧૫,૫૩૧ સોદામાં રૂ.૪૨૭.૯૯ કરોડનાં ૨,૩૩૩ કિલોનો ધંધો થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૪,૬૭૨ કિલો હતો. ગિનીના વેપારમાં આજે ઘટાડો નોંધાયો હતો. આજે ૨,૨૯૦ સોદામાં રૂ.૪.૩૬ કરોડની ૨૪ કિલો ગિનીના વેપાર થયા હતા, જે ગઈકાલે રૂ.૬.૦૮ કરોડની ૩૩ કિલો ગિનીના થયા હતા. આજે ઓપન ઈન્ટેસ્ટ ૧૩૩ કિલોનો હતો. સોનાના બધા વાયદા આજે પ્રત્યાઘાતી સુધર્યા હતા. એકંદરે સુધારો રૂ.૨૮થી રૂ.૮૩ની રેન્જમાં હતો. ચાલુ વાયદામાં ઓગસ્ટ રૂ.૪૦ વધી રૂ.૧૮,૩૭૯, ઓક્ટોબર રૂ.૩૮ વધી રૂ.૧૮,૪૬૧, ડિસેમ્બર રૂ.૩૪ વધી રૂ.૧૮,૫૩૮ અને ફેબ્રુઆરી-૧૧નો વાયદો સૌથી વધુ રૂ.૮૩ વધી રૂ.૧૮,૬૦૪ બંધ રહ્યો હતો. મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૨૮ વધી રૂ.૧૮,૩૬૫, સપ્ટેમ્બર રૂ.૩૬ વધી રૂ.૧૮,૪૨૪ અને ઓક્ટોબર વાયદો રૂ.૪૫ વધી રૂ.૧૮,૪૭૨ના ભાવ રહ્યા હતા. ગિનીના ત્રણેય વાયદા રૂ.૨૫થી રૂ.૨૬ જેટલા વધ્યા હતા. ગિનીનો જુલાઈ વાયદો રૂ.૨૫ વધી રૂ.૧૪,૮૧૦, ઓગસ્ટ રૂ.૨૬ વધી રૂ.૧૪,૮૧૧ અને સપ્ટેમ્બર રૂ.૨૫ વધી રૂ.૧૪,૮૩૪ બંધ રહ્યા હતા. ચાંદીમાં પણ આજે સારાં કામકાજ થયાં હતાં. આજે ૩૩,૬૫૧ સોદામાં રૂ.૨,૦૬૦.૧૬ કરોડની ૭૧૭.૨૨૦ ટન ચાંદીનો વેપાર થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૬૯૩.૭૩૦ ટન હતો. આજે ચાંદીના ચાલુ વાયદામાં ૧૪,૬૮૨ સોદામાં રૂ.૧,૭૩૧.૭૯ કરોડની ૬૦૨.૯૧૦ ટન ચાંદી અને મિની વાયદામાં ૧૮,૯૬૯ સોદામાં રૂ.૩૨૮.૩૭ કરોડની ૧૧૪.૩૧૦ ટન ચાંદીના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ અનુક્રમે ૫૪૪.૩૨૦ ટન અને ૧૪૯.૪૧૦ ટનનો હતો. ચાંદીના ગઈકાલે ઘટેલા વાયદા આજે બમણા જોરથી ઊછળી ગયા હતા. આજે ભાવ રૂ.૧૧૮થી રૂ.૧૮૨ની રેન્જમાં વધ્યા હતા, જે ગઈકાલે મહતમ ઘટાડો રૂ.૬૪નો હતો. ચાલુ વાયદામાં આજે સપ્ટેમ્બર વાયદો રૂ.૧૮૨ વધી રૂ.૨૮,૮૧૨, ડિસેમ્બર રૂ.૧૭૮ વધી રૂ.૨૮,૯૨૨ અને માર્ચ-૧૧નો વાયદો રૂ.૧૧૮ વધી રૂ.૨૮,૮૯૫ બંધ રહ્યા હતા. મિની વાયદામાં ઓગસ્ટ વાયદો રૂ.૧૭૯ વધી રૂ.૨૮,૮૧૦, નવેમ્બર રૂ.૧૭૨ વધી રૂ.૨૮,૯૧૫, માર્ચ-૧૧નો વાયદો રૂ.૧૩૩ વધી રૂ.૨૮,૯૯૨ અને એપ્રિલ-૧૧નો વાયદો રૂ.૧૩૪ વધી રૂ.૨૯,૦૭૬ના ભાવ રહ્યા હતા.

બિનલોહ ધાતુબજારમાં આજે સાર્વત્રિક તેજી હતી. તાંબાના બંને વાયદા રૂ.૬.૧૦થી રૂ.૬.૧૫, નિકલના ત્રણેય વાયદા રૂ.૧૦.૪૦થી રૂ.૧૧, એલ્યુમિનિયમના ત્રણેય વાયદા ૯૦થી રૂ.૧, સીસાના મિની સહિતના બધા વાયદા રૂ.૧.૫૫થી રૂ.૧.૮૦ અને જસતના મિની સહિતના બધા વાયદા રૂ.૧.૨૦થી રૂ.૧.૪૦ જેટલા વધ્યા હતા. બિનલોહ ધાતુઓમાં આજે ધમધોકાર વેપાર થયા હતા. તાંબામાં અઢીગણા, એલ્યુમિનિયમમાં દોઢા, સીસામાં અઢીગણાથી વધુ મોટા કામ થયાં હતાં. તાંબામાં રૂ.૩,૦૫૨.૯૫ કરોડનાં ૯૬,૦૯૯ ટન, નિકલમાં રૂ.૭૫૪.૬૫ કરોડનાં ૮,૨૯૪.૫ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૨૨૬.૬૭ કરોડનાં ૨૪,૨૭૦ ટન, સીસામાં રૂ.૪૬૧.૨૬ કરોડનાં ૫૩,૩૫૦ ટન, મિની સીસામાં રૂ.૬૩.૮૬ કરોડનાં ૭,૩૯૦ ટન, જસતમાં રૂ.૬૦૮.૭૭ કરોડનાં ૬૯,૩૩૦ ટન અને મિની જસતમાં રૂ.૮૯.૬૧ કરોડનાં ૧૦,૨૦૧ ટનનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ તાંબામાં ૩૩,૨૮૩ ટન, નિકલમાં ૫,૭૩૨.૫ ટન, એલ્યુમિનિયમમાં ૨૦,૬૬૫ ટન, સીસામાં ૩૧,૫૦૫ ટન, મિની સીસામાં ૩,૯૦૯ ટન, જસતમાં ૩૨,૭૧૫ ટન અને મિની જસતમાં ૬,૦૮૨ ટનનો હતો.

એનર્જી સેગમેન્ટમાં નેચરલ ગેસમાં રૂ.૨૯૮.૬૮ કરોડનાં ૧,૩૭,૧૦,૦૦૦ એમએમબીટીયૂના મોટા વેપાર વચ્ચે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૨૬,૯૫,૦૦૦ એમએમબીટીયૂનો રહ્યો હતો. ભાવમાં તેજીનો માહોલ હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો રૂ.૪.૮૦ વધી રૂ.૨૧૮.૪૦, ઓગસ્ટ રૂ.૪.૬૦ વધી રૂ.૨૧૮.૮૦ અને સપ્ટેમ્બર રૂ.૪.૨૦ વધી રૂ.૨૨૧.૬૦ થયો હતો. ક્રૂડ તેલમાં પણ કામકાજ વધી રૂ.૨,૪૯૨.૪૮ કરોડનાં ૬૭,૬૩,૯૦૦ બેરલ્સનું થયું હતું અને ઓપન ઈન્ટરેસ્ટ ૩૯.૪૧ લાખ બેરલ્સના સ્તરે રહ્યો હતો. ક્રૂડના બધા વાયદા ઊંચકાયા હતા. નવેમ્બર વાયદો સૌથી વધુ રૂ.૩૩ વધી રૂ.૩,૭૭૩, ઓક્ટોબર રૂ.૧૮૮ વધી રૂ.૩,૭૪૫ રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂડમાં રૂ.૮.૯૭ કરોડનાં ૨૪,૮૦૦ બેરલ્સનાં કામકાજ વચ્ચે ભાવમાં તેજીનો દોર આજે પણ આગળ વધ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ ઓગસ્ટ રૂ.૨૫ વધી રૂ.૩,૬૨૮ અને સપ્ટેમ્બર રૂ.૪૬ વધી રૂ.૩,૬૪૭ બંધ થયો હતો. ગેસોલીનમાં ૫૦,૪૦૦ યુએસ ગેલનનું કામકાજ થયું હતું.

કૃષિચીજો, તેલ-તેલીબિયાં અને અન્ય કોમોડિટીઝના વાયદામાં રિફાઈન્ડ સોયાતેલમાં રૂ.૩૫.૪૨ કરોડનાં ૭,૫૨૦ ટનનાં સારાં કામકાજ થયાં હતાં અને ઓપન ઈન્ટરેસ્ટ ૩,૯૯૦ ટને હતો. રિફાઈન્ડ સોયાતેલના ભાવમાં પ્રત્યાઘાતી સુધારો થયો હતો. રિફાઈન્ડ સોયાતેલનો ઓગસ્ટ વાયદો રૂ.૭.૧૦ વધી રૂ.૪૭૨ અને સપ્ટેમ્બર રૂ.૬.૨૫ વધી રૂ.૪૭૭.૨૫ રહ્યો હતો. જવમાં રૂ.૨૩.૩૭ કરોડનાં ૨૦,૧૬૦ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ ૬,૩૫૦ ટનનો હતો. જવમાં પણ આજે તેજી જળવાઈ હતી. દૂર ડિલિવરીનો ડિસેમ્બર વાયદો રૂ.૨૪ વધી રૂ.૧,૨૨૪, નવેમ્બર રૂ.૨૩.૬૦ વધી રૂ.૧,૨૦૪.૮૦, ઓક્ટોબર રૂ.૭.૮૦ વધી રૂ.૧,૧૮૬ અને ઓગસ્ટ રૂ.૧૦ વધી રૂ.૧,,૧૩૧.૮૦ થયા હતા. આ સિવાય મેન્થા તેલમાં રૂ.૬૨.૯૪ કરોડનાં ૮૯૬ ટન અને બટેટામાં રૂ.૧૯.૪૬ કરોડનાં ૪૬,૫૩૦ ટન તેમ જ સીપીઓમાં રૂ.૫૯.૮૨ કરોડનાં ૧૫,૭૮૦ ટન, ચણા-દિલ્હીમાં રૂ.૧૨.૩૧ કરોડનાં ૫,૩૦૦ ટન, એલચીમાં રૂ.૧૪.૪૭ કરોડનાં ૮૯ ટન, ગુવારસીડમાં ૧૨૦ ટન, મકાઈમાં રૂ.૧.૩૭ કરોડનાં ૧,૨૬૦ ટન, બદામમાં ૩ ટન, ઘઉંમાં ૧૦ ટનનો વેપાર થયો હતો. સીપીઓ, ચણા-દિલ્હી, એલચીના વાયદા વધીને બંધ થયા હતા. ચણા-દિલ્હી ઓક્ટોબર વાયદો રૂ.૫૦ વધી રૂ.૨,૪૨૪ થયો હતો. જોકે, બટેટાના વાયદામાં ૧૦થી ૯૦ પૈસાની રેન્જમાં નરમાઈ રહી હતી. મેન્થા તેલ જુલાઈ વાયદો રૂ.૩.૨૦ વધી રૂ.૬૮૮.૪૦, ઓગસ્ટ રૂ.૪.૯૦ વધી રૂ.૭૧૬.૭૦ રહ્યો હતો. મકાઈના વાયદામાં સુધારો હતો. મકાઈનો સપ્ટેમ્બર વાયદો રૂ.૩૦.૫૦ વધી આવ્યો હતો અને રૂ.૧,૦૫૦.૫૦ બંધ રહ્યો હતો.

કોમડેક્સ આજે ૨૩.૯૯ પોઈન્ટ ઊછળી ૨૭૨૭.૬૯ બંધ હતો. અંતર્ગત આંકો બધા જ વધ્યા હતા. મેટલ ઈન્ડેક્સ ૨૬.૧૬ પોઈન્ટ વધી ૩૨૮૫.૮૫, એનર્જી ઈન્ડેક્સ ૨૦.૧૩ પોઈન્ટ વધી ૨૬૭૮.૬૯ અને એગ્રી ઈન્ડેક્સ ૩૨.૧૭ પોઈન્ટ વધી ૨૨૫૪.૯૧ બંધ હતા.

દાવાત્યાગ : આ રિપોર્ટ ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.

**MCX**

**મેટલ અને એનર્જી**

**વિશ્વાસ સાથે વેપાર**

## એમસીએક્સના વાયદાના ભાવ

| કોમોડિટી | પાકતી તારીખ | ખૂલી | વધી | ઘટી | બંધ | વધઘટ |
|---|---|---|---|---|---|---|
| સોનું | ૦૫-૦૮-૧૦ | ૧૮૩૨૫.૦૦ | ૧૮૩૯૯.૦૦ | ૧૮૩૧૨.૦૦ | ૧૮૩૭૯.૦૦ | ૪૦.૦૦ |
| સોનુ-મિની | ૦૫-૦૮-૧૦ | ૧૮૩૩૧.૦૦ | ૧૮૩૮૧.૦૦ | ૧૮૩૦૨.૦૦ | ૧૮૩૬૫.૦૦ | ૨૮.૦૦ |
| ગોલ્ડ-ગિની | ૩૧-૦૭-૧૦ | ૧૪૭૮૫.૦૦ | ૧૪૮૧૭.૦૦ | ૧૪૭૬૫.૦૦ | ૧૪૮૧૦.૦૦ | ૨૫.૦૦ |
| ચાંદી | ૦૪-૦૯-૧૦ | ૨૮૬૨૬.૦૦ | ૨૮૮૩૯.૦૦ | ૨૮૫૯૫.૦૦ | ૨૮૮૧૨.૦૦ | ૧૮૨.૦૦ |
| ચાંદી-મિની | ૩૧-૦૮-૧૦ | ૨૮૬૦૬.૦૦ | ૨૮૮૪૫.૦૦ | ૨૮૫૯૫.૦૦ | ૨૮૮૧૦.૦૦ | ૧૭૯.૦૦ |
| તાંબુ | ૩૧-૦૮-૧૦ | ૩૧૪.૧૫ | ૩૨૧.૨૦ | ૩૧૪.૧૫ | ૩૨૦.૪૦ | ૬.૧૫ |
| નિકલ | ૩૦-૦૭-૧૦ | ૯૦૩.૫૦ | ૯૧૪.૭૦ | ૯૦૩.૧૦ | ૯૧૩.૦૦ | ૧૧.૦૦ |
| એલ્યુમિનિયમ | ૩૦-૦૭-૧૦ | ૯૩.૧૦ | ૯૩.૯૫ | ૯૨.૭૦ | ૯૩.૬૦ | ૦.૯૦ |
| સીસું | ૩૦-૦૭-૧૦ | ૮૫.૭૦ | ૮૭.૩૦ | ૮૫.૩૦ | ૮૭.૧૦ | ૧.૫૫ |
| સીસુ-મિની | ૩૦-૦૭-૧૦ | ૮૫.૫૦ | ૮૭.૩૦ | ૮૫.૩૦ | ૮૭.૧૦ | ૧.૫૫ |
| જસત-મિની | ૩૦-૦૭-૧૦ | ૮૬.૮૦ | ૮૮.૬૦ | ૮૬.૮૦ | ૮૮.૪૫ | ૧.૪૦ |
| જસત | ૩૦-૦૭-૧૦ | ૮૬.૮૦ | ૮૮.૬૦ | ૮૬.૮૦ | ૮૮.૪૫ | ૧.૪૦ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૮-૧૦ | ૩૬૭૦.૦૦ | ૩૬૯૮.૦૦ | ૩૬૬૩.૦૦ | ૩૬૯૦.૦૦ | ૨૦.૦૦ |
| બ્રેન્ટ ક્રૂડ તેલ | ૧૦-૦૮-૧૦ | ૩૬૦૨.૦૦ | ૩૬૩૧.૦૦ | ૩૬૦૧.૦૦ | ૩૬૨૮.૦૦ | ૨૫.૦૦ |
| નેચરલ ગેસ | ૨૭-૦૭-૧૦ | ૨૧૫.૪૦ | ૨૧૮.૭૦ | ૨૧૫.૪૦ | ૨૧૮.૪૦ | ૪.૮૦ |
| ગેસોલીન | ૨૩-૦૭-૧૦ | ૯૨.૦૦ | ૯૨.૩૦ | ૯૨.૦૦ | ૯૨.૨૦ | -૩.૩૫ |
| રિફા. સોયા તેલ | ૧૪-૦૮-૧૦ | ૪૬૬.૦૦ | ૪૭૩.૬૫ | ૪૬૬.૦૦ | ૪૭૨.૦૦ | ૭.૧૦ |
| સીપીઓ | ૩૧-૦૭-૧૦ | ૩૮૨.૦૦ | ૩૮૪.૦૦ | ૩૮૧.૪૦ | ૩૮૩.૩૦ | ૪.૩૦ |
| ચણા-દિલ્હી | ૨૦-૦૮-૧૦ | ૨૨૮૮.૦૦ | ૨૩૩૯.૦૦ | ૨૨૭૩.૦૦ | ૨૩૩૪.૦૦ | ૬૦.૦૦ |
| એલચી | ૧૪-૦૮-૧૦ | ૧૭૨૭.૦૦ | ૧૭૪૬.૬૦ | ૧૭૨૭.૦૦ | ૧૭૪૨.૬૦ | ૨૨.૨૦ |
| બટેટા-આગ્રા | ૧૪-૦૮-૧૦ | ૪૧૬.૧૦ | ૪૧૯.૩૦ | ૪૧૪.૯૦ | ૪૧૫.૫૦ | -૦.૯૦ |
| મેન્થા તેલ | ૩૧-૦૭-૧૦ | ૬૮૫.૯૦ | ૬૮૯.૩૦ | ૬૮૩.૨૦ | ૬૮૮.૪૦ | ૩.૨૦ |
| કપાસ | ૩૦-૦૪-૧૧ | ૬૧૬.૭૦ | ૬૧૬.૭૦ | ૬૧૬.૬૦ | ૬૧૬.૭૦ | ૦.૧૦ |
| ગુવારસીડ | ૨૦-૦૮-૧૦ | ૨૪૯૭.૦૦ | ૨૫૦૫.૦૦ | ૨૪૬૫.૦૦ | ૨૪૮૨.૦૦ | ૩.૦૦ |
| મકાઈ | ૨૦-૦૮-૧૦ | ૧૦૮૦.૫૦ | ૧૦૯૫.૫૦ | ૧૦૮૦.૦૦ | ૧૦૯૨.૫૦ | ૪.૫૦ |
| બદામ | ૩૦-૦૯-૧૦ | ૩૩૧.૫૦ | ૩૩૧.૫૦ | ૩૨૫.૦૦ | ૩૨૯.૦૦ | -૧.૫૦ |
| ઘઉં | ૨૦-૦૮-૧૦ | ૧૨૪૦.૦૦ | ૧૨૪૦.૦૦ | ૧૨૪૦.૦૦ | ૧૨૪૦.૦૦ | ૯.૧૦ |
| જવ | ૨૦-૦૮-૧૦ | ૧૧૨૫.૦૦ | ૧૧૩૬.૦૦ | ૧૧૨૪.૦૦ | ૧૧૩૧.૮૦ | ૧૦.૦૦ |

દાવાત્યાગ : આ રિપોર્ટ/ભાવકોપી ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.